# 3

# તડકો

## નિરંજન ભગત

### 3.1 પ્રાસ્તાવિક

ઉનાળામાં ભરબપોરે તડકાનો અનુભવ આપણે સૌ કરીએ છીએ. કેવો આકરો લાગે છે, મધ્યાહ્નનો તડકો ! તડકાને કારણે બપોરના રસ્તાઓ સૂના લાગતા હોય છે. ઉનાળામાં પ્રકૃતિનું રૂપ બદલાઈ જાય છે. ' તડકો ' કાવ્યમાં કવિ નિરંજન ભગતે તડકાને ઓળખવા માટે પ્રબળતા, અક્કડપણું અને નક્કરતાના ભાવ દર્શાવતાં શબ્દચિત્રો રજૂ કર્યા છે.

### 3.2 હેતુઓ

આ કાવ્યનો અભ્યાસ કરીને તમે નીચેની બાબતો કરી શકશો :

- ઉનાળાની ઋતુમાં તડકાના સ્વરૂપની કલ્પના કરી શકશો.
- ' તડકો ' કાવ્યનો ભાવ સમજી શકશો.
- કાવ્યની ભાષા શૈલી માણી શકશો.
- મધ્યાહ્ન વિશેના કાવ્યોનો સંગ્રહ કરી શકશો.

### 3.3 પ્રવૃત્તિ

નીચે આપેલી કાવ્યની પંક્તિઓ વાંચો :

' બપોર, વળી ગ્રીષ્મની, ધગધગી ઊઠ્યું ભાઠું આ
વિશાળ નદીનું, ન હિંમત હવાનીયે આવવા
બહાર નદીનાં જલો પર સવાર થૈ ખેલવા,
ન પંખી ઊડતું, ને કે ટહુકતું... શી મૂર્છાદશા ! '

**- જયંત પાઠક**

( ' રેવાતટે મધ્યાહ્ન-સંધ્યા ' કાવ્યમાંથી )

હવે આ પંક્તિઓને ધ્યાનમાં રાખીને નીચેના પ્રશ્નોના ઉત્તર મેળવો :

- કવિએ કયા સમયના દૃશ્યનું વર્ણન કર્યું છે ?
- ગ્રીષ્મની બપોર વેળાએ કવિ કયું દૃશ્ય જુએ છે ?
- ' ન હિંમત હવાનીય આવવા ' એવું કવિ શા માટે કહે છે ?

ઉપરની પંક્તિઓમાં ઉનાળાની બપોરનું કવિએ વર્ણન કર્યું છે. આવા જ ભાવવાળા ' તડકો ' કાવ્યનો આપણે અભ્યાસ કરીએ.

### 3.4 મૂળ પાઠ

હવે નીચેનું કાવ્ય મોટેથી બે ત્રણ વાર વાંચો.

**તડકો**

તગતગતો આ તડકો,
ચારેકોર જુઓને કેવી ચગદાઈ ગઈ છે સડકો !

કહો, ચરણ ક્યાં ચાલે ?
એણે એક ન રાખ્યો રસ્તો,
ઘણું હલાવા હવા મથે પણ
તસુય તે ના ખસતો,
અહીં ધરતી પર નક્કર જાણે ધાતુ શો તસતસતો
સાવ અડીખમ પડ્યો,
કશે યે જરીક તો કોઈ અડકો !

જિદ્દીજનનું મન પણ જેની પાસે લાગે હળવું,
વૈદેહીના ધનુષ્યને પણ રામ કને તો ચળવું.

ગિરિ ગોવર્ધનને યે ટચલી આંગળી ઉપર ઢળવું,
પણ આને ઓગાળી દેવા કોણ મેલશે ભડકો ?

તગતગતો – તેજસ્વી
ચારેકોર – ચારે બાજુ, ચોમેર
ચગદઈ – દબાઈ
સડક – પાકો રસ્તો
ચરણ – પગ
મથવું – પ્રયત્ન કરવો
તસતસતો – બળબળતો
અડીખમ – અડગ
જિદ્દીજન – હઠીલો માણસ
વૈદેહી – જનકરાજાની પુત્રી સીતા
ચળવું – ડગવું, ખસવું
ગિરિ – પર્વત, પહાડ
ગોવર્ધન – પર્વતનું નામ
મેલશે – મૂકશે

### 3.5 પ્રવૃત્તિ

' તડકો ' કાવ્યમાં કવિએ ઉનાળાના ( ગ્રીષ્મના ) ધમધખતા બપોરનું ( મધ્યાહ્નનું ) વર્ણન કર્યું છે. કવિએ યોગ્ય શબ્દોની પસંદગી બહુ કુશળતાથી કરી છે. તડકાને તસતસતી ધાતુ, જિદ્દીજનના મન, વૈદેહીનાં ધનુષ્ય અને ગિરિ ગોવર્ધન સાથે સરખાવ્યો છે.

મનુષ્ય સ્વભાવ કે મહાન પુરુષોનાં કાર્ય કરતાં પણ તડકો અડીખમ છે, એ વિચાર દર્શાવતાં બે ઉદાહરણો કાવ્યમાંથી શોધી કાઢો.

**ઉદાહરણ :** જિદ્દીજનના મન કરતાં પણ તડકો અટલ છે.

(i) ______________________

(ii) ______________________

તમને જવાબ મળી ગયા ને ? આ રહ્યા એના ઉત્તર :

( i ) વૈદેહીને પામવા માટેના ધનુષ્ય કરતાં પણ તડકો અચળ છે.

( ii ) ગોવર્ધન પર્વત કૃષ્ણની ટચલી આંગળી પર ઢળ્યો પણ તડકો અડીખમ છે.

## 3.6 સમજૂતી

આ કાવ્યકૃતિના અંશોને હવે ક્રમે ક્રમે સમજીએ.

### 3.6 એકમ 1


તગતગતો આ તડકો,
ચારેકોર જુઓને
કેવી ચગદાઈ ગઈ છે સડકો !

કહો, ચરણ ક્યાં ચાલે ?
એણે એક ન રાખ્યો રસ્તો,
ઘણું હલાવા હવા મથે પણ
તસુય તે ના ખસતો,
અહીં ધરતી પર નક્કર
જાણે ધાતુ શો તસતસતો

સાવ અડીખમ પડ્યો,
કશે યે જરીક તો કોઈ અડકો !

કવિ ઉનાળાની ભરબપોરના તડકાનું વર્ણન કરે છે. ઉનાળાની બપોરનો તડકો આંખને આંજી દે એવો તેજસ્વી છે. ધગધગતા તડકાને કારણે પાકા રસ્તાનો ડામર પણ પીગળવા માંડ્યો છે અને ચોમેર ડામરની સડકો દબાઈ ગઈ હોય એવું લાગે છે.

કવિ કહે છે કે ઉનાળાના મધ્યાહ્નનો તડકો સર્વત્ર છવાઈ ગયો છે કે પગ મૂકીને ચાલવા જેટલી જગ્યા પણ રહી નથી. પવન તડકાને હલાવવા મથે છે પણ તે ખસતો નથી. કવિ મધ્યાહ્નના તડકાને ધાતુ સાથે સરખાવે છે. તે ઉપરાંત તડકાને ઓળખવા માટે ગુણો દર્શાવ્યા છે, જેવા કે નક્કર, તસતસતો, અડીખમ વગેરે. તડકો નક્કર છે, અડગ છે, તસુભાર પણ ખસતો નથી. તડકો ધગધગતો છે, એને ક્યાંય પણ અડકી તો જુઓ ?



તગતગતો આ તડકો... કેવી ચગદાઈ ગઈ છે સડકો

**ટિપ્પણ**

- ચગદાઈ ગઈ છે સડકો - તડકાને કાયા ( શરીર ) નથી છતાં તડકાનું વજન બતાવે છે. તડકાના ભારથી ચોમેર ડામરની સડકો દબાઈ ગઈ હોય તેવું લાગે છે.

( તડકાથી ડામર પીગળતાં સડક દબાઈ જાય એવી ઢીલી બને છે. ) આ સ્થિતિ દર્શાવવા કવિએ વ્યતિરેક અલંકારનો ઉપયોગ કર્યો છે.

- ધાતુ શો તસતસતો - ઉનાળાના મધ્યાહ્નના તડકાને ધાતુ સાથે સરખાવ્યો છે. કવિએ ઉપમા અલંકારનો ઉપયોગ કર્યો છે.
- પ્રાસ ( સરખા ઉચ્ચારવાળા શબ્દો )
  તડકો-સડકો; રસ્તો-ખસતો વગેરે.

**પાઠ્ય પ્રશ્નો 3.1**

**(i) નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ આપો :**

**ઉદાહરણ : કહો, ચરણ ક્યાં ચાલે ?**
**એણે એક ન રાખ્યો રસ્તો.**

**ઉત્તર : સર્વવ્યાપી અથવા સર્વત્ર**

**(ક) ઘણું હલાવા હવા મથે પણ**
**તસુય તે ના ખસતો**

**ઉત્તર : ____________**

**(ii) નીચેનાં વિધાન માટે કારણ આપો :**

**(ક) તડકાને ધાતુ જેવો તસતસતો કહ્યો છે.**
**કારણ કે ____________**


**(ખ) તડકાને અડીખમ કહ્યો છે.**
**કારણ કે ____________**

### 3.6 એકમ 2 :

જિદ્દીજનનું મન પણ
જેની પાસે લાગે હળવું,
વૈદેહીના ધનુષ્યને પણ
રામ કને તો ચળવું.
ગિરિ ગોવર્ધનને યે
ટચલી આંગળી ઉપર ઢળવું,
પણ આને ઓગાળી દેવા
કોણ મેલશે ભડકો ?

આ પંક્તિઓમાં મધ્યાહ્નનો તડકો કેવો હોય છે તેનાં ત્રણ ઉદાહરણો ( દૃષ્ટાંતો ) વર્ણવ્યાં છે. ( 1 ) જિદ્દી માણસનું મન તડકા પાસે હળવું લાગે છે. જિદ્દી માણસનું મન તો ક્યારેક પીગળે, પણ આ તડકો હઠીલો છે. ( 2 ) સીતાને ( વૈદેહીને ) પામવા માટે રામથી ધનુષ્ય ડગી ગયું, પરંતુ તડકો તો અડીખમ છે. ( 3 ) ત્રીજું ઉદાહરણ આપતાં કવિ કહે છે કે ગોવર્ધન પર્વત કૃષ્ણની ટચલી આંગળી ઉપર ઊંચકાયો, પણ તડકો તો નક્કર છે.

કવિ અંતમાં કહે છે કે કોઈ પણ ધાતુને ઓગાળવી હોય તો એને અગ્નિમાં મૂકવી પડે છે. તડકો પોતે જ એવો ધગધગતો છે કે એને ઓગાળી દેવા કોણ ભડકો મૂકશે ?



વૈદેહીનું ધનુષ્ય રામથી ડગ્યું

**ટિપ્પણ**

નીચેનાં ત્રણ ઉદાહરણોમાં વ્યતિરેક અલંકારનો ઉપયોગ થયો છે :

(ક) જિદીજનનું મન પણ હળવું લાગે - જિદી માણસનું મન ક્યારેક ચળી જાય પરંતુ તડકો અટલ છે. આ રીતે તડકાને જિદીજનના મન કરતાં પણ હઠીલો બતાવ્યો છે.

(ખ) વૈદેહીનું ધનુષ્ય પણ રામ કને ચળ્યું - સીતાને પામવા માટે ધનુષ્ય રામથી ડગ્યું પરંતુ તડકો અડગ છે, જરા પણ ખસતો નથી. વૈદેહીના ધનુષ્ય કરતાં પણ તડકાને અચળ વર્ણવ્યો છે.

(ગ) ગિરિ ગોવર્ધનને ટચલી આંગળીએ ઢળવું - કૃષ્ણની ટચલી આંગળી ઉપર ગોર્વધન પર્વત ઊંચકાયો પણ તડકો જરાયે ચસકતો નથી એવો અડીખમ છે.

- રૂઢિ પ્રયોગ :

ભડકો મેલવો - મીટાવી દેવું, સળગાવી દેવું.

- પ્રાસ ( સરખા ઉચ્ચારવાળા શબ્દો )

હળવું, ચળવું, ઢળવું વગેરે.

**પાઠગત પ્રશ્નો 3.2**

(1) નીચે આપેલાં વિધાનોમાં પૂર્તિ કરો :

ઉદાહરણ : ઘણું હલાવા મથો છતાં પણ તડકો તસુભર ખસતો નથી.

(ક) જિદ્દીજનનું મન હળવું લાગે પણ તડકો ________________

(ખ) વૈદેહીનું ધનુષ્ય રામથી ચળી ગયું ( તૂટ્યું ) ________________
પણ તડકો ________________

(ii) તડકાની ઉગ્રતા કવિએ કેવી રીતે દર્શાવી છે, તેનાં બે ઉદાહરણો આપો.

ઉદાહરણ (i)

ઉદાહરણ (ii)

## 3.7 કાવ્યનો ભાવાર્થ

કવિએ આ કાવ્યમાં ઉનાળાના મધ્યાહ્નનાં તડકાનું આબેહૂબ વર્ણન કર્યું છે. ઉનાળાની ભરબપોરનો તડકો આંખોને આંજી દે તેવો હોય છે. એની તેજસ્વીતાને કારણે પાકા રસ્તાનો ડામર પણ પીગળી ગયો છે અને સડકો પણ જાણે દબાઈ ગઈ હોય એવું લાગે છે. કવિ કહે છે કે પગ મૂકીને ચાલવા જેટલી તસુભાર જગ્યા રહી નથી. એ રીતે તડકો સર્વત્ર છવાઈ ગયો છે. ચારે બાજુનું આક્રમણ હોવા છતાં તડકો અડીખમ છે.

કવિ તડકાને ધાતુ સાથે સરખાવે છે. ધાતુની જેમ તડકો નક્કર છે. તડકો અડીખમ છે એનાં ઉદાહરણો આપતાં કવિ કહે છે કે તડકો એવો હઠીલો છે કે જિદ્દીજનનું મન પણ એની પાસે હળવું લાગે છે. રામે વૈદેહીના ધનુષ્યને તોડ્યું અને ગોવર્ધન પર્વત પણ કૃષ્ણની ટચલી આંગળી ઉપર ઊંચકાયો પણ તડકો અડીખમ છે. આવા તગતગતા તડકાને કોણ ઓગાળશે ? અંતમાં કવિ આ પ્રશ્ન કરે છે.

## 3.8 કલાસ્વરૂપ

(ક) **કાવ્યપ્રકાર :** પ્રકૃતિ વર્ણનનું કાવ્ય છે. અછાંદસ્ તેની રચના છે. કાવ્યનો લય જાળવીને છંદ વિના લખાયેલું કાવ્ય અછાંદસ્ કહેવાય છે. લય, લઢણ અને ભાવ ત્રણેનો સમાવેશ કર્યો છે. આ રચનાઓ ટૂંકી હોય છે અને તેમાં જે-તે વિષયનું સચોટ વર્ણન હોય છે. આધુનિક ગુજરાતી કવિતાઓમાં આ પ્રકારનો વિકાસ થયો છે.

પ્રકૃતિનું વર્ણન અનેક કવિતાઓમાં જોવા મળે છે પરંતુ ' તડકો ' કાવ્યમાં અછાંદસ્ સ્વરૂપ જોવા મળે છે. આધુનિક કવિઓએ નવા વિષયો પર કાવ્યો લખ્યાં છે તેમાં તડકા વિશે આધુનિક કવિઓએ લખેલાં કાવ્યોમાં આ કાવ્ય સવિશેષ છે. આ કાવ્યની વિશેષતા એ છે કે તડકાને આકારમાં બાંધવાનો સુંદર પ્રયત્ન કરવામાં આવ્યો છે. કવિએ કરેલી તડકાની તુલના સુંદર છે. નિબંધલેખનમાં પણ એનો ઉપયોગ કરી શકાશે.

(ખ) **ભાષાશૈલી :** કાવ્યભાવ ઉપરાંત તેમાં રહેલાં પ્રાસ અને અલંકારને કારણે તડકાનું વર્ણન સચોટ થયું છે. ઉનાળાના મધ્યાહ્નના તડકાને ઓળખવા માટે કેટલાંક વિશેષણોનો ઉપયોગ કર્યો છે. ઉદાહરણ : તગતગતો, તસતસતો, નક્કર, અડીખમ

કાવ્યમાં રહેલા પ્રાસને કારણે કાવ્યની સુંદરતા વધી છે અને કાવ્ય માણવાની મજા આવે છે. કાવ્યમાં શરૂઆતથી જોઈએ તો તડકો, સડકો, અડકો, ભડકો વગેરે પ્રાસનો ઉપયોગ કરી તડકાની ઉગ્રતામાં વધારો કર્યો છે.

' નક્કર જાણે ધાતુ શો તસતસતો ' પંક્તિમાં કવિએ ઉપમા અલંકારનો ઉપયોગ કર્યો છે.

તડકાનાં અડીખમ, અચલ, અડગ જેવા ગુણો બતાવવા મનુષ્યના સ્વભાવ અને મહાન વ્યક્તિઓએ કરેલાં કાર્યો સાથે તડકાને સરખાવ્યો છે. એ સરખાવવા માટે વ્યતિરેક અલંકારનો ઉપયોગ કર્યો છે.

### પાઠ્ય પ્રશ્નો 3.3

(i) કાવ્યનો ભાવાર્થ ચાર લીટીમાં લખો :

________________

________________

________________

________________

(ii) સાચો ઉત્તર શોધીને [4] ની નિશાની કરો :

' તડકો ' કાવ્ય કયા પ્રકારનું કાવ્ય છે ?

(ક) ઊર્મિ ગીત ☐

(ખ) પદ ☐

(ગ) પ્રકૃતિ વર્ણન ☐

(iii) તડકાની ઉગ્રતામાં વધારો કરવા માટે કાવ્યમાં ઉપયોગ કરેલાં બે પ્રાસ જણાવો.

(ક) ________

(ખ) ________

## 3.9 તમે શું શીખ્યા

- ઉનાળાના મધ્યાહ્નના તડકાના સ્વરૂપનું વર્ણન
- તડકાને ઓળખવા માટે વપરાયેલાં વિશેષણો